# ગુજરાતમાં પૈસાના વાંકે બાળકોનું શિક્ષણ નહીં રૂંધાય : અરવિંદ કેજરીવાલ

ગુજરાતમાં પણ મફત અને વિશ્વસ્તરીય શિક્ષા
આમ આદમી પાર્ટી
એક મોકો કેજરીવાલને

## દિલ્હીના સીએમનું ભુજમાં યોજાયો કાર્યક્રમ : ભાજપ પર કર્યા પ્રહાર

## કચ્છમાં જીએમડીસીની બંધ થયેલી ખાણો પુનઃ કાર્યરત કરાવી ૫૦ હજાર લોકોને રોજગારી પુરી પાડવામાં આવશે : કૈલાશદાન ગઢવી

ભુજ : આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવ્યા છે. અરવિંદ કેજરીવાલજી ભુજ એરપોર્ટ પહોંચ્યા હતા. એરપોર્ટ પર આમ આદમી પાર્ટીના નેશનલ જોઈંટ જનરલ સેક્રેટરી ઈસુદાન ગઢવી અને ગુજરાત પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા દ્વારા અરવિંદ કેજરીવાલનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. સોમવારે જન્મદિવસે તેમણે ભુજની મુલાકાત લીધી હતી.

અરવિંદ કેજરીવાલે ભુજના એરપોર્ટ રોડ સ્થિત સેવન સ્કાય હોટેલના સભાગૃહ ખાતેથી પોલીસ ગ્રેડ પે અંગે મંચ પરથી જણાવ્યું હતું કે, થોડા સમય પહેલા ગુજરાત પોલીસ દ્વારા ગ્રેડ પેની માંગ કરવામાં આવી હતી, જેના સમર્થન બાદ ગુજરાત સરકારે ગંભીર નોંધ લઈ પોલીસ કર્મચારીઓની ગ્રેડ પેની માગ અંગે નિર્ણય લેવા કહ્યું હતું, પરંતુ ગ્રેડ પે મંજુર કરવાના બદલે માત્ર પગાર ભથ્થામાં નાનો એવો વધારો કરવાની જાહેરાત કરી છે, જે પોલીસ માટે લોલીપોપ હોવાની વાત તેમણે કરી હતી.

કેજરીવાલે કહ્યું હતું કે, આમ આદમી પાર્ટીની સરકાર આવશે તો ચાર મહિના બાદ અમારી સરકાર પોલીસના ગ્રેડ પેને મંજુર કરશે. તેમણે રમૂજ કરતા એમ પણ કહ્યું હતું કે, ખબર નથી પડતી કે, આ સરકારના નેતાઓને તંત્રના કર્મચારીઓને પૂરતો પગાર આપવામાં શુ તકલીફ પડે છે. જાણે પોતાના ખિસ્સામાંથી આપવા પડતા હોય તેમ લાગે છે ત્યારે હાલની સરકાર જો પગાર ભથ્થું આપતી હોય તો લઈ લેજો, ગ્રેડ પે અમારી સરકાર આપશે.

બીજી તરફ અરવિંદ કેજરીવાલે ભુજમાં ટાઉન હોલ કાર્યક્રમને સંબોધતા કહ્યું કે, જ્યારે અહીંયા આવવાની વાત ચાલતી હતી ત્યારે બધાએ પૂછ્યું કે આજે તો તમારો જન્મદિવસ છે તો તમે કઈ રીતે આવશો ? મેં કહ્યું કે દિલ્હીમાં તો દરેક વર્ષે જન્મદિવસ માનવીએ છીએ આ વખતે ગુજરાતમાં માનવીએ અને અહીંયા આવ્યા બાદ જનતા તરફથી જે પ્રેમ અને સહકાર મળ્યો છે તેનો હું ખુબ જ આભારી છું.

કેજરીવાલે જણાવ્યું હતું કે, સરકારી શાળાઓની હાલત કથળેલી છે, સુધારવાની જરૂર છે. ગુજરાતમાં ૪૪ લાખ બાળકો ખાનગી શાળામાં ભણે છે. કચ્છમાં મોટી સંખ્યામાં સરકારી સ્કૂલ ખોલીશું. દરેક વ્યક્તિને અમીર બનાવવાનું મારું લક્ષ્ય છે. લોકો અમીર થશે તો દેશ અમીર બનશે. વિદ્યા સહાયકના ઘણા મુદ્દા છે તો તેમને કહેવા માગુ છું કે, વિદ્યા સહાયકો અમારી પાર્ટીનો પ્રચાર કરો. ત્રણ મહિનામાં અમારી સરકાર બનશે તો તમારી તમામ સમસ્યાનું નિરાકરણ લાવીશું.

તેમણે ભાજપ પર આક્ષેપ કરતા કહ્યું હતું કે, ખાનગી સ્કૂલો ભાજપના નેતાઓની હોવાથી સરકારી સ્કૂલોની હાલત કફોડી છે. દિલ્હીમાં ૪ લાખ વિદ્યાર્થીઓએ ખાનગી શાળા છોડી સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો છે, કારણ કે ખાનગી શાળાની ફી વધારા પર રોક લગાવી, ઓડિટમાં કરોડોની ગેરકાનૂની રીતે એફડી કરાવેલા તે રૂપિયા વાલીઓને પરત કરાવ્યા. આવુ જ ગુજરાતમાં કરવું છે. પૈસાના વાંકે બાળકોનું શિક્ષણ નહીં રૂંધાય. ગુજરાતમાં પણ ખાનગી સ્કૂલોની ઓડિટ કરાવશું, ફી વધારા માટે સરકારની મંજૂરી લેવી પડશે તેમજ સ્કૂલોમાંથી પુસ્તકો અને યુનિફોર્મ ખરીદવાનું બંધ રાવાશે તેમજ વિદ્યા સહાયકોને કાયમી કરાવાશે અને તેમને સન્માન અપાવશું.

તેમણે જણાવ્યું હતું કે, શિક્ષકોને બાળકોના શિક્ષણ સિવાય અન્ય કોઈ કામ આપવામાં નહિ આવે. શિક્ષકો ને મળતું બીજું કામ દિલ્હીમાં પણ બંધ કરી દીધું છે અને પંજાબમાં પણ બંધ કરી દીધું છે અને હવે ગુજરાતમાં પણ બંધ કરી દઈશું.

ઈસુદાનભાઈએ જણાવ્યું હતું કે, ગુજરાતના લોકો પણ આપની સરકાર આવે તેવું ઈચ્છી રહ્યા છે, જેથી દિલ્હીની જેમ ગુજરાતમાં પણ સારી સરકારી સ્કૂલો શરૂ થાય અને વાલીઓ ખાનગી શાળાઓ દ્વારા ચલાવાતી લૂંટથી બચી શકે.

આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાએ પોતાના પ્રવચનની શરૂઆત કરતા પહેલા ગુજરાતમાં લમ્પીથી ગાયોની મોતના પગલે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી આપી હતી. ગુજરાતમાં ગાયોના મૃત્યુ સરકારના પાપે, ભાજપ ના નેતાઓના પાપે થયા છે. કોરોનામાં પણ મૃત્યુ થયેલા, લઠ્ઠાકાંડમાં પણ મૃત્યુ થયેલા. આજ સુધી સરકારમાં બેસેલા લોકોએ સંવેદના પાઠવવાનું કામ કર્યું નથી. આમ આદમી પાર્ટી એક એવી પાર્ટી છે જે સંવેદના દર્શાવવાની હોય, સહાનુભૂતિ આપવાની હોય, માણસ તરીકેની ફરજ બજાવવાની હોય તો ક્યારેય ચુકતા નથી એ વિચાર અરવિંદ કેજરીવાલમાંથી મળે છે.

આપના પ્રદેશ કોષાધ્યક્ષ કૈલાશદાન ગઢવીએ જણાવ્યું કે, ભૌગોલિક રીતે આગવી વિશેષતા ધરાવતા સરહદી કચ્છ જિલ્લામાં ૨૦૦૧ મા આવેલા વિનાશકારી ભૂકંપ બાદ ઔદ્યોગિક ધમધમાટ વધ્યો છે. કચ્છ જિલ્લામાં નાના-મોટા હજારો ઔદ્યોગિક એકમો કાર્યરત છે. આ તમામ એકમોમાં રાજકારણીઓ અને નેતાઓ જ કામ રાખી રહ્યા હોઈ નાના ટ્રાન્સપોર્ટરો, ટ્રક માલિકો, વેપારીઓને કામ મળી રહ્યું નથી. ચાલુ વર્ષના અંત ભાગમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે રાજ્યમાં અત્યારથી જ આમ આદમી પાર્ટીની તરફેણમાં લોકજુવાળ જોવા મળી રહ્યો છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજીના દરેક પ્રવાસ દરમિયાન ગુજરાતની જનતા તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ સાપડી રહ્યો છે. આગામી વિધાનસભાની ચૂંટણીમાં રાજ્યમાં આપની સરકાર આવશે તો ઔદ્યોગિક એકમોમાં નાનામાં નાના વ્યક્તિને પણ કામ મળે તે પ્રકારની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. દરેક ટ્રક માલિકોને રોજગારી મળી રહે તેની પુરતી તકેદારી રાખવામાં આવશે. વધુમાં શ્રી ગઢવીએ કહ્યું કે, જિલ્લામાં જીએમડીસીની બંધ થયેલી ખાણો પુનઃ કાર્યરત કરાવી ૫૦ હજાર લોકોને રોજગારી પુરી પાડવામાં આવશે તેવું પણ અંતમાં ઉમેર્યું હતું. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ ચૂંટણી પ્રભારી ગુલાબસિંહ યાદવ, નેશનલ જોઈન્ટ જનરલ સેક્રેટરી ઈસુદાન ગઢવી, પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયા, પ્રદેશ ખજાનચી કૈલાશદાન ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

# જ્યારે કચ્છના ત્રણ કુટુંબોમાં અમૃત મહોત્સવની ખુશી બેવડાઈ

### એક જ રાત્રે ત્રણ યુવાનને તીવ્ર હાર્ટ એટેક આવ્યો : કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના કારણે જીવન બચ્યું

ભુજ : કોઈપણ હોસ્પિટલ માટે એક જ રાતમાં ત્રણ-ચાર એન્જયોપ્લાસ્ટી કે બાયપાસ કરવા ઘણાં મુશ્કેલ થતા હોય છે તેમાં પણ જયારે ઉપરા ઉપરી આવા દર્દી આવતા હોય ત્યારે તબીબોની સક્રિયતાની કસોટી થતી હોય છે. હાલ ભુજની કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં એક રાતમાં ત્રણ દર્દીઓની એન્જયોગ્રાફી બાદ એન્જયોપ્લાસ્ટી થઇ હતી અને ત્રણેયના જીવ બચતા પરિજનો માટે આઝાદીનો અમૃત મહોત્સવ વધુ ખુશીનું કારણ બન્યો હતો.

ઘટનાક્રમ વર્ણવતા હોસ્પિટલમાં ફરજ પરના નિષ્ણાંત કાર્ડિયોલોજીસ્ટ ડો. જયદત ટેકાણી અને ડો. મિત ઠક્કરે જણાવ્યું હતું કે, રાત્રે ૧૦.૪૫ કલાકે ગંભીર હાલતમાં એક દર્દી આવ્યો. આપતકાલીન સ્થિતિ હતી. પરિક્ષણ કરવાતા હૃદયની જમણી બાજુની એક નસ ૯૫ ટકા બંધ હતી. રક્તચાપ સ્થિર ન હતો. ઝડપથી એન્જયોગ્રાફી પછી પ્લાસ્ટી પાર પાડી દર્દીને જોખમમાંથી બહાર લઇ આવ્યા. હજુ આ પ્રક્રિયા ચાલુ હતી ત્યાં મધ્ય રાત્રે બીજો દર્દી છાતીમાં સતત દુઃખાવા સાથે આવ્યો. તેની જમણી બાજુની નસ ૧૦૦ ટકા બ્લોક હતી. રક્તચાપ સતત પડી રહ્યું હતું. વધારામાં દર્દી કોવીડ પોઝીટીવ હતો. મેડીકલ-પેરા મેડીકલ ટીમે કઠીન પરિસ્થિતિ વચ્ચે કામ કર્યું. ૧૫ ઓગસ્ટ આઝાદીના અમૃત પર્વે આ દર્દી મૃત્યુના જોખમમાંથી આઝાદ થઇ પરિવાર સાથે ખુશ ખુશાલ ઘરે પહોંચ્યો. રાત્રે ૩.૩૦ કલાકે ભુજનો એક યુવાન આવી સ્થિતિમાં આવ્યો. એનું હૃદય માત્ર ૪૦ ટકા કામ કરતું હતું. અસહ્ય દુઃખાવો થતો હતો. જીવનની આખરી ઓવરમાં મૃત્યુને મહાત કરવા જેવી સ્થતિ હતી. આખરે અમૃત પર્વની આગોતરી રાત્રે કે. કે. પટેલ હોસ્પિટલના ડોકટરોએ મૃત્યુને ક્લીનબોલ્ડ કરી હેટ્રિક કરી દેખાડી. સવારે જયારે ઘટનાક્રમની જાણ થઈ કે તરત સંચાલક કચ્છી લેવા પટેલ સમાજ ટ્રસ્ટના પ્રમુખ વેલજીભાઈ પિંડોરિયા અને એજયુકેશન મેડીકલ ટ્રસ્ટના અધ્યક્ષ કે જેણે કચ્છમાં સુપર સ્પેશિયાલિટી સંપૂર્ણ સારવારનું સ્વાન જોયું અને અનેક દાતાઓના સહયોગે સાકાર કર્યું તેવા ચેરમેન ગોપાલભાઈ ગોરસિયા, ઉપપ્રમુખ કેશરાભાઈ પિંડોરિયા હોસ્પિટલે પહોંચી તબીબોની મહેનતને બિરદાવી સહયોગી સ્ટાફને શાબાશી આપી હતી. ત્રણેય દર્દીઓના પરિજનોએ સમાજ, દાતાઓ, તબીબોનો આભાર માન્યો હતો. મરૈંગો સિમ્સના ડો. કેયુર પરીખ, ડો. ધીરેન શાહ, ડો. મિલન ચગ સહીતનાઓએ નોંધ લીધી હતી.

### સત્વરે બાયપાસ શરૂ કરો

ભુજ : નિવાસી બબ્બે કાર્ડિયોલોજીસ્ટ તબીબોની ટીમ સાથે કામ કરતી કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં હવે તાત્કાલિક ધોરણે બાયપાસ સર્જરીઓ શરુ થવી જોઈએ તેવી લાગણી કચ્છીઓ વ્યક્ત કરી રહ્યા છે. આ સંબંધે તજરી સહયોગી ડો. ધીરેન શાહે જણાવ્યું હતું કે, ટૂંક સમયમાં આ સુવિધા શરુ કરી દેવાશે. અત્રે ઉલ્લખનીય છે કે, છેલ્લા ચાર મહિનામાં ૧૦૦થી વધુ હૃદય રોગીઓના જીવ બચાવ્યા છે, જે નોંધ પાત્ર છે. ટ્રસ્ટી ધનસુખભાઈ સિયાણી સંકલન કરી રહ્યા છે.

ANNA-ELISABETH

વેસેલ MV અન્ના એલિસાબેથ દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલા ખાતે આવી પહોંચ્યું અને હેન્ડલિંગ એજન્ટ - શ્રી આશાપુરા સ્ટીવ્પૂરા ગ્રુપના એક યુનિટ દ્વારા કાર્ગો જેટ્ટી-૧૦ ખાતે ૨૪ કલાકમાં ૫૨,૫૦૦ મેટ્રિક ટન મિલસ્કેલ બલ્કમાં લોડ કરીને કાર્ગો હેન્ડલિંગમાં નવો રેકોર્ડ બનાવ્યો.નિકાસકાર - સિંઘવી ટ્રેડલિંક LLP અને વેસલ એજન્ટ - એટલાન્ટિક ગ્લોબલ. દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલા આ હેન્ડલિંગ સાથે સંકળાયેલા તમામ હિતધારકોને તેમની સતત કાર્યક્ષમતા અને આ મહાન સીમાચિહ્ન હાંસલ કરવા માટે સક્રિય પ્રયાસો માટે પ્રશંસા કરે છે અને અભિનંદન આપે છે.

## આદિપુરમાં યુવકે ફિનાઈલ પી લેતાં સારવાર તળે

અંજાર : આદિપુરના સોનલનગરમાં રહેતા મુકેશ ખેતારામ મારવાડા નામના ૪૦ વર્ષિય યુવકે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ફિનાઈલ પી લેતાં સારવાર માટે રામબાગ સરકારી હોસ્પિટલ અને બાદમાં જી.કે. જનરલમાં ખસેડવામાં આવ્યો હતો. જેની નોંધ અંજાર પોલીસમાં કરવામાં આવી છે.

## અંજાર નગરપાલિકા દ્વારા પૂર્વ વડાપ્રધાન અટલજીને શ્રદ્ધાંજલિ અપાઈ

અંજાર : નગરપાલિકા દ્વારા ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપાઈની પુણ્યતિથિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો એક કાર્યક્રમ નગરપાલિકાના અધ્યક્ષા લીલાવંતીબેન દિલીપભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે વક્તવ્ય આપતા અંજાર તાલુકા ભાજપના મહામંત્રી કાનજીભાઈ જીવાભાઇ આહિરે તેમના જીવનનો પરિચય આપતા તેમને એક સાદગી સભર અને રાષ્ટ્રને સમર્પિત વિરલ વ્યક્તિ તરીકે વર્ણવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શાસક પક્ષના નેતા સુરેશભાઈ અનિલભાઈ ટાંકે કર્યું હતું. ઉપસ્થિત સૌએ તેમની પ્રતિમાને હારારોપણ કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ કાર્યક્રમમાં કારોબારી સમિતિના ચેરમેન વિજયભાઈ ડી. પલણ, શાસક પક્ષના નેતા સુરેશભાઈ એ. ટાંક, નગરપાલિકાના ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ ખીમજી પાલુભાઈ સિંધવ, ભૂતપૂર્વ પ્રમુખ પુષ્પાબેન જે. ટાંક, કાઉન્સિલરો કેશવજીભાઈ સોરઠીયા, અમરીશભાઈ કંદોઈ, કલ્પનાબેન ગોર, તાલુકા ભાજપ મહામંત્રી કાનજીભાઈ જે. આહીર, ભાજપ અગ્રણીઓ બલરામભાઈ જેઠવા, નરશીભાઇ પ્રજાપતિ, જયશ્રીબેન ઠક્કર, હર્ષાબેન ત્રિવેદી, બીનાબેન સીતાપરા, નજમાબેન બાયડ, પૂજાબેન બારમેડા, બિંદુલભાઈ અંતાણી, રશ્મિનભાઈ ભીન્ડે, સુરજમલભાઈ ભવરલાલ, કેતનભાઇ શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## અંજાર તાલુકા પ્રાથમિક શિક્ષક સમાજ લમ્પી રોગ સામેની લડાઈમાં જોડાયો

અંજાર : ગાય માતાને ચામડીમાં ગઠ્ઠા પડવાના રોગમાંથી ઉગારવા માટે કચ્છ જિલ્લાના અંજાર તાલુકાના પ્રાથમિક શિક્ષકો મેદાને પડ્યા છે. લમ્પી ચર્મ રોગ વાયરસ સામે અંજાર તાલુકા પ્રાથમિક શિક્ષક સમાજ આયોજિત ‘ગાય અમારી માતા’ અભિયાન હેઠળ અંજાર તાલુકાના પ્રાથમિક શાળાના અને અંજાર નગરપાલિકાના શિક્ષકો દ્વારા આશરે ત્રણ લાખ રૂપિયાનો ફાળો એકત્રિત કરવામાં આવ્યો છે. આ ફાળામાંથી તેઓ બીઆરસી ભવન અંજાર ખાતે રોજ જવના ઔષધીય લાડુ ગાયો માટે તૈયાર કરે છે. ગૌ સેવા કેમ્પમાં શિક્ષકો ગાયોને વરીયાળીનું પાણી, ગોળનું પાણી પીવડાવવું, ડોક્ટરની સાથે રહી ગાયોના ઘા સાફ કરવા, દવા લગાવવી વગેરે જેવી જરૂરિયાત મુજબની અને ડોક્ટર દ્વારા જે સૂચનાઓ આપવામાં આવે તે પ્રમાણે સેવા કરે છે.

અંજાર તાલુકાની ૧૩ ગ્રુપ શાળામાંથી રોજની એક શાળાના ૩ શિક્ષક ૨ દિવસ વારા પ્રમાણે ગૌ સેવા કેમ્પમાં હાજર રહે છે અને ગૌસેવા લમ્પી હંગામી હોસ્પિટલ અંજાર આઈસોલેશન સેન્ટર-૩ કેમ્પમાં સેવા આપે છે. અંજાર તાલુકા પ્રાથમિક શિક્ષક સમાજ આ ગૌ સેવાના કાર્ય માટે પ્રતિબદ્ધ છે તેવું અંજાર તાલુકા પ્રાથમિક શિક્ષક સમાજના પ્રમુખ જ્યેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું. ગૌ માતાને સ્વસ્થ કરવાના આ સેવા સર્વે શિક્ષક સમાજના મંત્રી જીજ્ઞેશભાઈ પટેલ, ગુજરાત રાજ્ય પ્રા.શિ. સમાજના કારોબારી સભ્ય નિર્મળસિંહ જાડેજા, અંજાર તાલુકા પ્રા. શિક્ષક સમાજ મહિલા પાંખના પ્રમુખ સૂર્યાબેન પ્રજાપતિ તથા મુકેશભાઈ પટેલ, જયેશભાઈ પટેલ, કીર્તિભાઈ પટેલ, વાલાભાઈ બરારિયા, સત્યમભાઈ પટેલ, સહદેવભાઈ ઠાકોર તથા અંજાર નગર પ્રાથમિક શિક્ષક રઘુભાઈ વસોયા કામગીરી કરી રહ્યા છે.



સમગ્ર કચ્છની ઇન્દ્રાબાઈ ગર્લ્સ હાઇસ્કુલમાં પણ ૧૫મી ઓગસ્ટની ઉજવણી કરાઈ હતી. ધ્વજવંદન આચાર્યા કુ.બેલાબેન મહેતાનાં હસ્તે કરાયું હતું. આ વેળાએ શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

## ગાંધીધામના જગજીવનન ગરમાંથી વધુ ૫ ખેલી પકડાયા

ગાંધીધામ : અહીના જગજીવનનગર, ખેડોઈ કેમ્પમાં જુગાર રમતા ૫ ખેલીઓને પોલીસે પકડી લીધા હતા. આરોપીઓ વિજય લખુભાઈ મહેશ્વરી, ભરત મેઘજીભાઈ મહેશ્વરી, જયેશ ખીમજીભાઈ મહેશ્વરી, વિજય લક્ષ્મણભાઈ મહેશ્વરી અને નરેશ વેલજીભાઈ કન્નર ગામમાં પીપળાના ઝાડ નીચે જુગાર રમતા હોઈ કાર્યવાહી કરીને સ્થળ પરથી રોકડા રૂપિયા ૨૨,૭૦૦ અને ૧૫ હજારના મોબાઈલ કબ્જે કરવામાં આવ્યા હતા.

## ખનિજ ચોરી પકડાવી હોવાના મનદુઃખે કડિયાધ્રોના યુવક પર હુમલો

ભુજ : નખત્રાણા તાલુકાના કડિયાધ્રો ગામની સીમમાં ખનીજ ચોરી કરનાર તત્વોને તંત્ર સાથે રાખીને પકડાવી દેવાના મનદુઃખે યુવાન પર ત્રણ શખ્સોએ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડતા નીરોણા પોલીસ મથકે ગુનો દર્જ કરાયો હતો. ભુજના કેમ્પ વિસ્તારમાં રહેતા રજાક મામદ થેબા (ઉ.વ.૪૦)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, રજાકના કાકાએ તંત્રને સાથે રાખી ખનીજ ચોરી પકડાવી હોઈ જેના મનદુઃખે શહેરના મોટાપીર ચોકડી પાસે રહેતા ઈદ્રીશ અબ્દુલ સમેજા, સતાર અબ્દુલા સમેજા અને ઈકબાલ ચાકીએ માર મારી ઈજાઓ પહોંચાડી હતી. ત્રણેય સામે નિરોણા પોલીસ મથકે ગુનો દર્જ કરાયો હતો.

## ગાંધીધામ-જોધપુર એક્સપ્રેસ ટ્રેનના સમયમાં ફેરફાર

ગાંધીધામ : રેલવે પ્રશાસન દ્વારા ગાંધીધામ- જોધપુર એક્સપ્રેસ ટ્રેનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રેલવે તંત્રની યાદીમાં જણાવ્યા મુજબ ટ્રેન નંબર ૨૨૪૮૪ ગાંધીધામ - જોધપુર એક્સપ્રેસ તા. ૧૮મી ઓગષ્ટથી ગાંધીધામથી ૧૧:૦૫ ઉપડીને ૧૧:૫૭એ સામખિયાળી, ૧:૩૮ કલાકે, રાધનપુર, ૩ કલાકે ભીલડી, ૪:૨૮ કલાકે મારવાડ ભીનમાલ, ૫:૨૦ કલાકે જાલોર તથા ૮:૩૫ કલાકે જોધપુર પહોંચશે.

HAPPY BIRTHDAY

જન્મદિન મુબારક

તા.૧૭-૦૮-૨૦૨૨ના **અંશ-નૈતિક**ના શુભ જન્મ દિને ‘કચ્છ ઉદય’ પરિવાર તેમને ખૂબ ખૂબ હાર્દિક શુભકામના પાઠવે છે

દાદા : **રાયશીભાઈ મહેશ્વરી**
દાદી : **ભચીબાઈ મહેશ્વરી**
પિતા : **રાજેશભાઈ મહેશ્વરી**
માતા : **લીલાબેન મહેશ્વરી**
ગામ : **ગાંધીધામ - કચ્છ**

**પશ્ચિમ રેલવે**

**મુંબઇ ડિવિઝનથી ઉપડતી ટ્રેનોમાં પારસલ એસએલઆર લીઝીંગ માટેનાં કોન્ટ્રાકટનું ઇ-ઓકશન**

આથી મુંબઇ ડિવિઝનથી ઉપડતી ટ્રેનોમાં પારસલ એસએલઆર ભાડે આપવા અંગે કોન્ટ્રાકટનું ઇ-ઓકશન યોજાશે. કેટલોગ આઇઆરઇપીએસ વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે જેની વિગતો નીચે મુજબ છે :

| ઓકશન કેટલોગ | કોન્ટ્રાકટ પ્રકાર | શ્રેણી | કોન્ટ્રાકટ સમય | ઇ-ઓકશનની તારીખ-સમય |
|---|---|---|---|---|
| MMCT-PLS -22-27 | પારસલ | પારસલ એસએલઆર | ૨ વર્ષ | ઇ-ઓકશન ૨૯.૮.૨૦૦૦નાં ૧૨.૦૦ કલાકે શરૂ થશે. કુલીંગ સમય ૩૦ મિનિટ |
| MMCT-PLS -22-26 | પારસલ | પારસલ એસએલઆર | ૨ વર્ષ | ઇ-ઓકશન ૩૦.૮.૨૦૨૨નાં ૧૨.૦૦ કલાકે શરૂ થશે. કુલીંગ સમય ૩૦ મિનિટ |
| MMCT-PLS -22-28 | પારસલ | પારસલ એસએલઆર | ૨ વર્ષ | ઇ-ઓકશન ૧.૯.૨૦૨૨નાં ૧૨.૦૦ કલાકે શરૂ થશે. કુલીંગ સમય ૩૦ મિનિટ |

ઇચ્છુક માગણીદારોએ આઇઆરઇપીએસની વેબસાઇટ (www.ireps.gov.in) ઇ-ઓકશન મોડ્યુલ ચકાસવા વિનંતી. લોટ વાઇઝ વિગતો કેટલોગમાં દર્શાવેલ છે. પ્રારંભિક કુલીંગ સમય ૩૦ મિનિટ છે. સફળ જવાબ માટે ૧૦ મિનિટે બંધ થશે, લોટ વાઇઝ બંધનો સમય આઇઆરઇપીએસનાં ઇ-ઓકશન મોડ્યુલ ઉપર જોઇ શકાશે. 0347

લાઇક કરો : facebook.com/WesternRly અનુસરો : twitter.com/WesternRly

SANSKAR INSTITUTE OF MANAGEMENT & INFORMATION TECHNOLOGY
Airport Ring Road, Bhuj-Kutch.

ભુજમાં જ મેળવો...
ખૂબ જ ઓછી FEES માં Metro City જેવું શિક્ષણ.....

B.B.A. B.C.A.
B.Com. (HONOURS) B.Com. (REGULAR)

એડમિશન મેળવવાની અંતિમ તારીખ : 19-08-22
વધુ માહિતી માટે સંપર્ક કરો : 99256 34041

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

વાણિજ્યિક કમાણી અને બિન-ભાડાં આવક કોન્ટ્રાક્ટ(એનએફઆર) ની ઈ-હરાજી

IREPS (www.ireps.gov.in)

| કોન્ટ્રાક્ટનું અંદાજીત વાર્ષિક મૂલ્ય (₹) | લઘુ. વાર્ષિક નાણાકીય ટર્નઓવર (₹) |
|---|---|
| 40 લાખ સુધી | શૂન્ય |
| 40 લાખ થી વધુ અને 1 કરોડ સુધી | 20 લાખ |
| 1 કરોડ થી વધુ | 50 લાખ |

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**ફોર્મ - જી**
**ઈચ્છુક પાર્ટીઓને ઈજન**
(ઈન્સોલવન્સી એન્ડ બેન્કરપ્સીના અધિનિયમ ૩૬/એ(૧) અંતર્ગત)
(કોર્પોરેટ વ્યક્તિ માટે ઈન્સોલવન્સી રીઝોલ્યુશન પ્રક્રિયા) અધિનિયમ ૨૦૧૬

| | | |
|---|---|---|
| ૧. | કોર્પોરેટ દેણદારનું નામ | કેસર ટર્મિનલ્સ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ |
| ૨. | કોર્પોરેટ દેણદારની ઈન્કોર્પોરેશનની તારીખ | ૨૧/૦૧/૨૦૦૮ |
| ૩. | કોર્પોરેટ દેણદાર જે સત્તાધીશ તળે નોંધાયેલ છે. | આરઓસી - મુંબઈ |
| ૪. | [illegible] | L45203MH2008PLC178061 |
| ૫. | [illegible] | [illegible] |
| ૬. | [illegible] | [illegible] |
| ૭. | [illegible] | [illegible] |
| ૮. | [illegible] | https://www.kesarinfra.com/ અને https://ssarviconsultancy.com/ |
| ૯. | [illegible] | https://www.kesarinfra.com/ અને https://ssarviconsultancy.com/ |
| ૧૦. | [illegible] | ૦૧/૦૯/૨૦૨૨ |
| ૧૧. | [illegible] | ૧૨/૦૯/૨૦૨૨ |
| ૧૨. | [illegible] | ૧૭/૦૯/૨૦૨૨ |
| ૧૩. | [illegible] | ૨૭/૦૯/૨૦૨૨ |
| ૧૪. | [illegible] | ૧૭/૦૯/૨૦૨૨ |
| ૧૫. | [illegible] | [illegible] |
| ૧૬. | [illegible] | ૧૭/૧૦/૨૦૨૨ |
| ૧૭. | [illegible] | [illegible] |
| ૧૮. | [illegible] | શ્રી પ્રશાંત જૈન |
| ૧૯. | [illegible] | શ્રી પ્રશાંત જૈન |
| ૨૦. | [illegible] | kesar.cirp@gmail.com |
| ૨૧. | [illegible] | https://www.kesarinfra.com/ અને https://ssarviconsultancy.com/ |
| ૨૨. | [illegible] | ૧૭/૦૮/૨૦૨૨ |

તારીખ : ૧૭/૦૮/૨૦૨૨
સ્થળ : મુંબઈ
સહી/- શ્રી પ્રશાંત જૈન